# ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ ગુજરાત સરકાર, ઓફીસ: જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ ના પ્રથમ વર્ષ ફીજીઓથેરાપી(BPT),બી.એસ.સી. નર્સિંગ (B.Sc. Nursing), ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ (BOP), ઓપ્ટોમેટ્રિ (BO), ઓક્યુપેશનલ થેરાપી(BOT), ઓડીઓલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી (BASLP), જી.એન.એમ (GNM) અને એ.એન.એમ.(ANM) અભ્યાસક્રમોમાં પીન વિતરણ અને ઓનલાઇન રજીસ્ટ્રેશન માટેની જાહેરાત

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯ ના ધોરણ-૧૨ અને અગાઉ ના વર્ષોમાં ગુજરાત બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન બોર્ડ, કેમ્બ્રિજ ઇન્ટરનેશનલ બોર્ડ અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કુલિંગ બોર્ડ દ્વારા ( વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ ,ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ) લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી / કામદાર રાજ્ય વિમા નિગમ / મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રથમ વર્ષ અભ્યાસક્રમના પ્રવેશ માટેના પીન વિતરણ, ઓનલાઇન રજીસ્ટ્રેશન તથા ડોકયુમેન્ટ ચકાસણીનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવશે.

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧. | ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે એક્સીસ બેન્કમાંથી રૂબરૂ પીન ખરીદવા માટે | ૦૨/૦૭/૧૮ | ૧૦/૦૭/૧૮ |
| ૨. | ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે | ૦૨/૦૭/૧૮ (સવાર ના ૧૨.૦૦ કલાક થી) | ૧૧/૦૭/૧૮ ( સાંજે ૦૪.૦૦ કલાક સુધી) |
| ૩. | ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અને ઝેરોક્ષ નકલ જમા કરાવવા માટે સમય (સવારના ૧૦.૦૦ થી સાંજના ૪.૦૦ ) | ૦૨/૦૭/૧૮ | ૧૩/૦૭/૧૮ ( સાંજે ૦૪.૦૦ કલાક સુધી) |

- ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓએ પીન ખરીદેલ હોવી જોઈએ.પીન કમિટી દ્વારા મંજુર કરાયેલ એક્સીસ બેંકની શાખાઓ માંથી બેન્કિંગ કલાકો દરમ્યાન ( બેન્કિંગ રજાઓ સિવાય) રૂપિયા ૨૦૦/- ની ચુકવણી કરવાથી ઉપલબ્ધ થશે. (એક્સીસ બેન્કની શાખાઓની યાદી તથા હેલ્પ સેન્ટરોની યાદી અને પ્રવેશ પ્રક્રિયા વિષે જરૂરી સુચનાઓ પ્રવેશ સમિતિની વેબસાઈટ www.medadmgujarat.org પર ઉપલબ્ધ છે.)
- તમામ ઉમેદવારો માટે હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટની ચકાસણી કરાવવી અને તેની પહોંચ મેળવવી ફરજીયાત છે.
- ડોક્યુમેન્ટ ચકાસણી માટે જાહેર રજાઓ અને રવિવારના રોજ હેલ્પ સેન્ટર બંધ રહેશે
- વિધવા / અનાથબાળા તેમજ એ.એન.એમ. કેટેગરીના ઉમેદવારોએ વેબસાઈટ પર દર્શાવેલ નમુના મુજબનાં પ્રમાણપત્રો તથા જરૂરી દસ્તાવેજો રજુ કરવાનાં રહેશે.
- શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોએ તેમના માટે રચાયેલ ફીઝીકલ હેન્ડીકેપ બોર્ડ સમક્ષ હાજર થવાનું રહેશે. શારિરીક ખોડખાંપણ અંગેની ટકાવારી માટે તબીબી બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.
- સમિતિ દ્વારા આ વેબસાઈટ ઉપર અવારનવાર મુકવામાં આવતી માહિતીને સમય અંતરે જોતા રહેવા વિનંતી.
- મેનેજમેન્ટ બેઠકો પર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારો માટે અત્રેની કમિટીનાં મેરીટ લીસ્ટમાં નામ હોવું જરૂરી છે. તથા કોન્સોર્ટિયમ દ્વારા બહાર પાડવામાં આવનાર ફોર્મ અલગથી ભરવાનું રહેશે.

સભ્ય સચિવ

Gujarat Professional Nursing & Allied Medical ... Gandhinagar

મેમ્બર સેક્રેટરી
ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ & એલાઇડ
મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ
જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ
ગાંધીનગર